| | |
|---|---|
| અરજી મળ્યા તારીખ | ૦૨/૦૭/૨૦૨૪ |
| અરજી દાખલ તારીખ | ૦૨/૦૭/૨૦૨૪ |
| અરજી નીર્ણીત તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| અવધીઃ ૦૧ વર્ષ ૧૧ માસ ૦૮ દિવસ | |

**કડાણા/ દિવડા કોલોની ના મહે. પ્રીન્સીપાલ સીવીલ જજ ( જે.વી.ચૌહાણ) સાહેબ શ્રી ની કોર્ટમાં મુ.કડાણા / દિવડા કોલોની.**

સીવીલ પરચુરણ અરજી નં-૨/૨૦૨૪

**આંક :- ૧૧**

***અરજદાર :-*** ખાંટ ખાતરાભાઇ લાડુભાઇના ગુજરવાથી વારસો
૧. બકુલાબેન ખાતરાભાઇ ખાંટ ઉ.વ.આ ૬૬, ધંધો ખેતી વિ.૪
તમામ રહે. ઘાસવાડા, તા. કડાણા, જી.મહીસાગર

વિરુધ્ધ.

**સામાવાળા** :- ૧. ખાંટ લક્ષ્મણભાઇ જાલુભાઇ ઉ.વ.આ -૫૩, ધંધો -ખેતી વિ. ૫
તમામ રહે. ઘાસવાડા, તા. કડાણા, જી.મહીસાગર.

**વિષય :- વિલંબ માફ અરજી લગત હુકમ ....**

---

**અરજદારો મુળ વાદી તર્ફે વિ.વ.શ્રી. જી.એચ.ઉપાધ્યાય**
**સામાવાળાઓ મુળ પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી કે.ડી.પંડયા**

---

**// ચુ કા દો //**

૧). આ કામના અરજદારે હાલની અરજી કરી જણાવેલ છે કે, અરજદારો ધ્વારા રે.દી.મુ. નં ૧૨/૨૦૨૨ થી દાવો દાખલ કરેલ હતો અને અને વાદી તર્ફે સુનાવણી

કરેલ અને તે ઉપર હુકમ પણ કરેલ હતો અને ત્યારબાદ નામદાર કોર્ટ ધ્વારા મુદ્દા કાઢવામાં આવેલા અને પછી કામ પુરાવા માટે હતુ અને વાદી તર્ફે પુરાવાના કાગળો મેળવામાં સમય લાગેલ હોવાથી અમોએ કોર્ટમાં મુદત ની માંગણી કરેલ  પરંતુ નામદાર કોર્ટે અરજી નામંજુર કરી અને સદર દાવો તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ દાવો કાઢી નાખેલાો અને જેની જાણ થતા હાલની અરજી કરેલ છે, અને જે દાવો ફરી રીસ્ટોર કરવા ૮ મહીના ૧૨ દિવસ નો વિલંબ થયેલ હોય, તે વિલંબ માફ કરવા અરજી કરેલ છે.

૨).  સદર અરજીની પ્રોસેસ સામાવાળાઓને કરતા સામાવાળાઓ હાજર થયેલા છે અને આંક-૬ થી વિલંબ માફ અરજી નો જવાબ રજુ કરેલ છે. જેમાં અરજદાર ની અરજી ની વિગતો નકારી કાઢેલી છે, તેમજ સામાવાળાની માલીકીની જમીન પડાવી લેવા સારુ અરજદારે તેમના ફળદ્રુપ ભેજાનો ઉપયોગ કરી અરજીમાં કારણો જણાવેલા છે, જે અમો સામાવાળાને મંજુર નથી. સદર અરજીમાં જણાવેલ હકીકત ખોટી હોય જેથી વિલંબ માફ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થીત થતો નથી, જેથી સદર કામે અરજદારની વિલંબ માફ કરવાની અરજી ડીસમીસ કરવા અરજ છે.

૩).  અરજદાર મુળ વાદીના વિ.વ.શ્રી હાજર થઇ રજુ કરેલ લેખિત દલીલો  અને પોતાની વિલંબ માફ કરવા બાબતે ની અરજી મંજુર કરવા ની માંગણી કરેલ છે. જ્યારે સામાવાળા તર્ફે અરજી નામંજુર કરવા વિગતવાર દલીલો કરેલ છે.  જેથી રેકર્ડ તથા અરજદાર તર્ફે થયેલ રજુઆત ધ્યાને લેતા સદર અરજી ના નીકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થયેલા છે.

૧. શું અરજદાર મુળ વાદી સાબીત કરે છે કે, દાવાના કામે હાજર નહી રહેવા યોગ્ય કારણ હોવાના કારણે દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવેલ જે ફરી ફાઇલે લેવા માટે અરજી કરવામાં થયેલ વિલંબ યોગ્ય કારણોસર થયેલ હોય, હાલની વિલંબ માફ ની અરજી મંજુર થવા પાત્ર છે ?

૨.  શું હુકમ ?

**મારા નીર્ણય :-**

૧.“ હકારમાં”

૨."આખરી હુકમ મુજબ"

// કા ર ણો //

**<u>મુદ્દા નંબર -૧ થી ૨ :-</u>**

આ કામે રેકર્ડ જોતાં અરજદાર મુળ વાદીએ રે.દી.મુ ન ૧૨/૨૦૨૨ થી સામાવાળા મુળ પ્રતિવાદીઓ  વિરુધ્ધ દાવો દાખલ કરેલ અને જે દાવાના કામે અરજદાર ની રજુઆત મુજબ પુરાવા એકત્ર કરવામાં વિલંબ થયેલ હોય જેથી તેઓ હાજર રહી શકેલા નથી, જેથી દાવો ડીસમીસ થયેલ છે અને ત્યારબાદ વાદીનો સદર દાવો ડીસમીસ થયા અંગે જાણ થતા સર્ટીફાઇડ નકલ મેળવેલ છે અને જે મુજબ દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ થયો ત્યારથી વિલંબ માફ અરજી કરેલ ત્યાર સુધી ૮ મહીના અને ૧૨  દીવસનુ ડીલે થયેલ છે, આમ વાદી ના પોતાના કથનો મુજબ તેઓને દાવો ડીસમીસ થયા ની જાણ થયેલ છે એટલે કે વાદી પોતાના દાવાના કામે શું કાર્યવાહી થઇ રહેલ છે તે જોવાની  કે પોતાના વકિલશ્રી ને પુછવા ની કોઇ દરકાર કરેલ નથી, જેથી વાદીએ જ પોતાના દાવાની કાર્યવાહી કરવા કોઇ દરકાર રાખેલ નથી તેવુ સ્પષ્ટ જણાય છે, જેથી વાદીના દાવાને જે ૮ માસ અને ૧૨ દીવસનુ ડીલે થયેલ છે, અને  તે વાદીના ભુલ ના કારણે થયેલ છે, પરંતુ નામદાર ઉચ્ચ અદાલતોના ન્યાયીક ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંન્તો મુજબ યોગ્ય કારણ જણાવવામાં આવે તો તે માટે અરજદાર ને નસીયત કરવા પેનલ્ટી કરી અને ડીલે મંજુર કરવું જોઇએ, જેથી અરજદાર મુળ વાદીનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવેલ તે વાદીની પોતાની ભુલ ના કારણે થયેલ છે અને વાદીએ દાવો ચલાવવા કોઇ દરકાર નહી કરતા લાંબા સમય બાદ વાદીનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવેલ છે, જે વાદી ની ભુલ હોય, વાદીને યોગ્ય રકમની પેનલ્ટી કરી અને ડીલે મંજુર કરવી  જોઇએ તેમ મારુ માનવુ છે. વધુમાં દાવો ડીસમીસ થવાના કારણે અરજદાર વાદીને ન્યાય મળી શકે તેમ નથી, અને દાવો ગુણદોષ ઉપર ચલાવવો જરુરી છે અને અરજી મંજુર કરવામાં આવે તો કોઇપણ પક્ષકાર ને નુકશાન નથી, કારણ કે અરજી મંજુર થવાથી માત્ર દાવો રીસ્ટોર કરવા બાબતે ની અરજી  દાખલ થાય છે અને દાવા નો કોઇ આખરી  નિકાલ થતો નથી, તે માટે પક્ષકારોને પુરતી તક મળી રહેવાની છે. જેથી આવા પ્રકારની

અરજીઓ માં અદાલતે ઉદાર અભીગમ અપનાવવો જોઇએ અને યોગ્ય અને પુરતુ કારણ દર્શાવવામાં આવેથી વિલંબ માફ કરવુ જોઈએ. અરજદાર વાદીના પવિત્ર દિવાની અધિકારોને નુકશાન ના પહોંચે તે જોવાની કોર્ટ ની ફરજ અને જવાબદારી છે અને તેજ કાયદાનુ હાર્દ છે. જેથી દાવામાં અરજદાર વાદીના હક્કો બાબતે ન્યાય નીર્ણય કરવાનો હોય, જો હાલની અરજી નામંજુર કરવામાં આવે તો, અરજદાર મુળ વાદીને અન્યાય થાય તેમ જણાઇ આવે છે, જેથી ન્યાયનો હેતુ જળવાઇ રહે અને કાર્યવાહી ગુણદોષ પર ચાલે તે વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય, પરંતુ વાદીની નીષ્કાળજી અને થયેલ વિલંબ સબબ વાદીને નસીયત કરવા કોષ્ટ ભરપાઇ કરવાનો હુકમ કરવો વ્યાજબી જણાઇ આવતુ હોય, ન્યાયના હીત માં મુદ્દા નં ૧ નો જવાબ હકારમા આપી મુદ્દા નં ૨ બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**<u>// આ ખ રી હુ ક મ //</u>**

અરજદાર મુળ વાદીની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદાર મુળ વાદીએ રુ. ૫૦૦૦/- અંકે રુપીયા પાંચ હજાર પુરા તાલુકા કાનુની સેવા સત્તા મંડળ, કડાણા / દિવડા કોલોની સીવીલ કોર્ટ, તા. કડાણા / દિવડા કોલોની ની કચેરીમાં કોષ્ટ પેટે જમા કરાવ્યે થી અરજદાર મુળ વાદીનો રે.દી.મુ. નંબર ૧૨/૨૦૨૨ નો દાવો રીસ્ટોર કરવા બાબતેની સી.પી.સી ઓર્ડર ૯ રુલ ૯ મુજબ ની અરજી દીવાની પરચુરણ અરજી રજીસ્ટરે લેવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં અરજદાર મુળ વાદી ની સી.પી.સી ઓર્ડર ૯ રુલ ૯ મુજબ ની દાવો ફરી ફાઇલે લેવા બાબતેની અરજી લગત સામાવાળાઓ હાજર રહેવા સબબ નોટીસ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૦ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૬/૨૦૨૬

કડાણા/દિવાડા કોલોની

જયેશ વાલજીભાઇ ચૌહાણ
પ્રીન્સીપાલ સીવીલ જજ,કડાણા.
યુ.આઇ.કોડ નંબર-જીજે ૦૧૪૩૧